
# આધુનિક સુવિધાઓથી સજ્જ સુરત મેટ્રો કોચ

## દોઢથી બે માસમાં કાદરશાની નાળથી ભટાર સુધીનો ટ્રાયલ રન કરાશે

મેટ્રોના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, હાલમાં કાદરશાની નાળથી ભટાર સુધીના રૂટમાં વાયડક્ટનું કામ ચાલી રહ્યું છે. આગામી દોઢથી બે માસમાં આ વાયડક્ટની કામગીરી પૂરી થઈ જશે. ટ્રેક પર બિછાવી દેવામાં આવશે. જેથી આ ટ્રેક પર પણ ત્યારબાદ ટ્રાયલ રન કરવામાં આવશે. સંભવત: આજે જેના દ્વારા ટ્રાયલ રન કરાયું તે જ કોચનો ઉપયોગ આ ટ્રાયલ રન માટે પણ થશે. સુરતમાં મેટ્રોના બંને રૂટ પર આ કોચ અને તેના ડીઝલ એન્જિન થકી જ ટ્રાયલ રન થશે તેમ જાણવા મળી રહ્યું છે.

## આગામી જૂન માસ સુધીમાં મેટ્રો ભટારથી ડ્રીમસિટી વચ્ચે દોડતી થઈ જશે

મેટ્રોના સત્તાધીશોના જણાવ્યા અનુસાર જૂન 2026 સુધીમાં મેટ્રો ડ્રીમસિટીથી શરૂ કરીને ભટાર સુધી ફુલફ્લેઝમાં શરૂ થઈ જશે. ડ્રીમસિટીથી ભટાર સ્ટેશન વચ્ચેના 8.5 કિલોમીટરના વાયડક્ટનું કામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ રૂટ પર ટ્રેક બિછાવવાની કામગીરી અને ટ્રેક્શન પાવર માટેની 'થર્ડ રેલ' (વીજ પુરવઠો પૂરો પાડતી રેલ) નું કામ પણ સંપન્ન થતાં રવિવારે ટ્રાયલ રનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ રૂટ પર આવતા કુલ 7 સ્ટેશનના બિલ્ડિંગનું સ્ટ્રક્ચરની સાથે ઘણી કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, જ્યારે એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ અને ફિનિશિંગની કામગીરી હાલ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આ ટ્રાયલ રન બાદ RDSO (રીસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેશનાઈઝેશન) અને ત્યારબાદ CMRS (કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી) દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવશે. તેમની મંજૂરી મળ્યા બાદ જ સામાન્ય જનતા માટે મેટ્રો શરૂ કરાશે તેમ જાણવામાં આવ્યું છે.




## ટ્રેક પર દોડતી મેટ્રો રેલ જોવા આસપાસની ઇમારતોની બાલ્કનીમાં ભીડ જામી: લોકોએ હર્ષનાદ કર્યા

રવિવારની રજાના દિવસે જ્યારે મેટ્રો ટ્રેન અલથાણ અને ખજોદના રૂટ પરથી પસાર થઈ, ત્યારે આસપાસની હાઈરાઈઝ બિલ્ડિંગોમાં અનોખો નજારો જોવા મળ્યો હતો. મેટ્રોનો અવાજ અને ચમકતી ટ્રેન જોઈને રહીશો પોતાના ઘરની બાલ્કની અને ટેરેસ પર દોડી આવ્યા હતા. નાના બાળકોથી લઈને વડીલોએ હાથ હલાવી મેટ્રોનું સ્વાગત કર્યું હતું. લોકોમાં એટલો ઉત્સાહ હતો કે ઘણાએ મોબાઈલમાં વિડીયો ઉતારી 'સુરતની શાન' ગણાવી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યા હતા.

## સુરત મેટ્રોની પ્રત્યેક ટ્રેન 3 કોચની બનેલી હશે અને તેની સ્પીડ 80 કિ.મી.ની હશે

સુરત મેટ્રોની દરેક ટ્રેન 3 કોચની બનેલી હશે અને તેની સ્પીડ પ્રતિ કલાક 80 કિ.મી.ની હશે. તમામ ટ્રેનો સીસીટીવી કેમેરા, ફાયર ડિટેક્શન સિસ્ટમ અને રિયલ-ટાઇમ મોનિટરિંગ ટેકનોલોજીથી સજ્જ હશે. સુરત મેટ્રો રેલના કોચ ગુજરાત અને સુરતની સંસ્કૃતિ અને સુરતની ઓળખ સમાન ઉદ્યોગોને ધ્યાને રાખીને ઇન્ટિરિયર કરવામાં આવનાર છે. ડાયમંડ શેપ, ગરબા, ટેક્સટાઇલ ઉદ્યોગ વગેરેની થીમ સાંકળી લેવાય તેવું આયોજન ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે. સુરત મેટ્રો ટ્રેનની વિશેષતાએ છે કે, દરેક ટ્રેન 3 કોચની બનેલી હશે. ટેકનોલોજી એવી છે કે આ ડ્રાઈવરલેસ ટ્રેન ઓપરેશન સિસ્ટમથી ચાલશે અને તેની સ્પીડ પ્રતિ કલાક 80 કિ.મી.ની હશે.

### મેટ્રો ટ્રેન બનાવનાર કંપની અને જીએમઆરસીની ટીમ હાજર રહી

સુરતમાં દોડનારી મેટ્રો ટ્રેન ટીટાગર રેલ સીસ્ટમ લિ. દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેથી ટ્રાયલ રનમાં કોલકાતાની ટીટાગર રેલ સીસ્ટમ લિ. ના અધિકારીઓની ટીમ તેમજ જીએમઆરસીની સુરતની ટીમ હાજર રહી હતી. સુરત મેટ્રોના ટ્રાયલ રનમાં ટ્રેનમાં તેમજ બહાર ટીમે સતત ટ્રેનના ટ્રાયલનું મોનિટરિંગ કર્યું હતું.

### ટ્રાયલ રનમાં કયા કયા પાસાની ચકાસણી કરાતી હોય છે??

કોઈપણ મેટ્રો પ્રોજેક્ટમાં ટ્રાયલ રન એ સૌથી મહત્ત્વનો તબક્કો છે. સુરત મેટ્રોમાં આશરે 500 કલાકનું રનિંગ ટ્રાયલ કરવામાં આવશે. મેટ્રોના ટ્રાયલ રનમાં શરૂઆતમાં ટ્રેનને ખૂબ જ ધીમી ગતિએ (કલાકના 5 થી 10 કિમી) દોડાવવામાં આવતી હોય છે. ધીમે ધીમે સ્પીડ વધારીને તેને તેની મહત્તમ ક્ષમતા (ડિઝાઇન સ્પીડ) સુધી લઈ જવામાં આવે છે. સુરતમાં પણ આ જ પદ્ધતિ અપનાવવામાં આવી છે, જેમાં રેતીની ગુણીઓ ભરીને ટ્રેનમાં પેસેન્જર લોડનું પણ પરીક્ષણ કરવામાં આવશે.

### ટ્રાયલ રનમાં આ બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે

- સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન: ટ્રેન અને કંટ્રોલ રૂમ વચ્ચેનો સંપર્ક તેમજ ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) સિસ્ટમની સચોટતા ચકાસવામાં આવે છે.
- થર્ડ રેલ ટેસ્ટિંગ: ટ્રેનને પાવર સપ્લાય કરતી થર્ડ રેલ અને ટ્રેનના કલેક્ટર શૂ વચ્ચેના ઘર્ષણ અને વીજ પ્રવાહની સાતત્યતા જોવામાં આવે છે.
- ટ્રેક પેરામીટર્સ: વણાંક અને ઢાળ પર ટ્રેનની સ્થિરતા અને ટ્રેક પરના વાઇબ્રેશનનું માપન કરવામાં આવે છે.
- ઇન્ટરફેસ ટેસ્ટિંગ: પ્લેટફોર્મ સ્ક્રીન ડોર્સ (PSD) અને ટ્રેનના દરવાજા વચ્ચેનું સિંક્રોનાઇઝેશન તપાસાય છે.

# રાંદેર PIનો ડ્રાઈવર અરબાઝ જ કસાઈ નીકળ્યો

**PI** ચૌધરીની વાન પર વોકી-ટોકીમાં જે માહિતી મળે તેને પાસ કરી દેતો હતો

**સુલતાનિયા** જીમખાના પાસેથી ૭ પશુઓને પોલીસે મુક્ત કરાવ્યા

સુરતઃ શહેરના રાંદેર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેમના શિરે છે, તે જ પોલીસ વિભાગના માણસો ગુનેગારો સાથે મિલીભગત ધરાવતા હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાંદેર પોલીસે સુલતાનિયા જીમખાના વિસ્તારમાં પતરાના શેડમાં ક્રૂરતાપૂર્વક બાંધી રાખવામાં આવેલા ૭ પશુઓને પોલીસે મુક્ત કરાવ્યા હતા. જોકે, આ દરોડામાં પકડાયેલા બે આરોપીઓ પૈકી એક આરોપી રાંદેર PI ચૌધરીની PCR વાનનો ડ્રાઈવર નીકળતા પોલીસ બેડામાં સન્નાટો વ્યાપી ગયો છે. ચર્ચા છે કે, પોલીસની હિલચાલની તમામ માહિતી આરોપીઓ પાસે અગાઉથી જ પહોંચી જતી હતી.

રાંદેર પોલીસને બાતમી મળી હતી કે સુલતાનિયા જીમખાનાની વાડીમાં ગેરકાયદેસર રીતે પશુઓ રાખવામાં આવ્યા છે. દરોડા દરમિયાન પોલીસે અંદર તપાસ કરતા ૧૦ x ૨૦ ના સાંકડા શેડમાં ૬ પાડા અને ૧ પાડીને એવી રીતે બાંધ્યા હતા કે તેઓ હલનચલન પણ કરી શકે નહીં. ઘાસચારા કે પાણીની કોઈ વ્યવસ્થા વગર ઈદના તહેવારમાં કતલ કરવાના ઈરાદે આ પશુઓ રખાયા હોવાનું ખુલ્યું હતું. પોલીસે સ્થળ પરથી અરબાઝ ઉર્ફે માંઝુ કુરેશી અને અબરાર ઈમરાન પટેલની ધરપકડ કરી હતી.

### ખાખીની છત્રછાયામાં કાળો કારોબાર

આ કેસમાં સૌથી ગંભીર બાબત એ સામે આવી છે કે, આરોપી અરબાઝ ઉર્ફે માંઝુ સીધો રાંદેર PI ચૌધરીના સંપર્કમાં હતો અને તેમની PCR વાન ચલાવતો હતો. સામાન્ય રીતે પોલીસ વોકી-ટોકીનો ઉપયોગ ગુનેગારોને પકડવા માટે કરે છે, પરંતુ રાંદેર PI નો ડ્રાઈવર અરબાઝ ઉર્ફે માંઝુ આ ટેકનોલોજીનો ઉપયોગ ગુનેગારોને બચાવવા માટે કરતો હતો. PI ની ગાડીમાં ચોવીસ કલાક હાજર રહેતા અરબાઝના કાન વોકી-ટોકી પર આવતી બાતમીઓ પર રહેતા હતા. જેવી કોઈ વિસ્તારમાં રેડ કરવાની સૂચના મળતી કે તરત જ તે અબરારને એલર્ટ કરી દેતો હતો. જેથી અનેક વખત પોલીસના દરોડા નિષ્ફળ ગયા હતાં.

### PI ના 'ખાસ' માણસને VIP સુવિધા?

રાંદેર પોલીસ સ્ટેશનમાં પકડાયેલા બંને આરોપીઓ, ખાસ કરીને અબરાર પટેલ, PI ચૌધરીનો અત્યંત અંગત હોવાની વાતો વહેતી થઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગંભીર ગુનામાં પકડાયા હોવા છતાં આ બંને ઇસમોને પોલીસ સ્ટેશનમાં લોકઅપને બદલે 'વીઆઈપી સુવિધાઓ' પૂરી પાડવામાં આવી હતી. એટલું જ નહીં, ખાખી સાથેના ગાઢ સબંધોને કારણે તેમને કાયદાની ચુંગાલમાંથી બચાવવા માટે આખું તંત્ર સક્રિય થઈ ગયું હોય તેમ લાગતું હતું. ગુનો નોંધાયાના ગણતરીના કલાકોમાં જ તેમને જામીન મળી જાય તેવી ગોઠવણ પણ કરવામાં આવી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે, જે પોલીસની નિષ્પક્ષતા સામે મોટા સવાલો ઉભા કરે છે.

'આ મોંઘવારીથી હવે તો થાક્યા' જેવા સૂત્રો સાથે

# પોસ્ટર વોર: મોંઘવારી, ટ્રાફિક, ડ્રગ્સ મુદ્દે ભાજપ પર નિશાન

**કમળના** નિશાન પર લાલ ચોકડી સાથે વિરોધી સૂત્રો, ડિંડોલી-કતારગામમાં રાજકીય ગરમાવો




સુરતઃ શહેરમાં આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલાં રાજકીય માહોલ ગરમાતો જઈ રહ્યો છે. રવિવારે વહેલી સવારે ડિંડોલી, કતારગામ અને ઉધના સહિતના વિસ્તારોમાં અજાણ્યા તત્વો દ્વારા ભાજપ વિરોધી પોસ્ટરો ચોંટાડવામાં આવતા ચર્ચાનો માહોલ સર્જાયો છે.

આ પોસ્ટરોમાં મોંઘવારી, મોંઘું શિક્ષણ, ટ્રાફિક સમસ્યા, ભ્રષ્ટાચાર અને દારૂ-ડ્રગ્સ જેવા મુદ્દાઓ ઉઠાવી શાસક પક્ષ પર આકરા પ્રહારો કરવામાં આવ્યા છે.

"આ મોંઘવારીથી હવે તો થાક્યા", "આ ટ્રાફિક જામથી હવે તો થાક્યા" જેવા સૂત્રો દ્વારા જનતાની વેદનાને વાચા આપવામાં આવી હોવાનું દર્શાવવામાં આવ્યું છે. સૌથી વધુ ચર્ચાસ્પદ બાબત એ છે કે, પોસ્ટરમાં ભાજપના ચૂંટણી પ્રતિક 'કમળ' પર લાલ રંગથી ચોકડી નું નિશાન દોરીને પ્રતિકાત્મક રીતે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે. આથી સ્પષ્ટ સંકેત મળે છે કે આગામી ચૂંટણીમાં મતદાતાઓને ભાજપ વિરુદ્ધ મતદાન કરવા માટે પ્રેરિત કરવાનો પ્રયાસ થયો છે.

સોશિયલ મીડિયા પર પોસ્ટરો વાયરલ થતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે, જોકે હજી સુધી કોઈ રાજકીય પક્ષે તેની જવાબદારી સ્વીકારી નથી. રાજકીય વર્તુળોમાં આ પોસ્ટરવોરને ચૂંટણી પૂર્વેની વ્યૂહરચનાનો ભાગ માનવામાં આવી રહ્યો છે.

# નકલી પોલીસ તોડ કરતી હતી ત્યારે જ અસલી પોલીસ ત્રાટકી

**પાર્લે** પોંઇન્ટ પર 5 લાખની માંગણી કરતી બે મહિલા સહિત પાંચની ધરપકડ

**તમે** દેહવિક્રય કરાવો છો તેમ કહી સુપરવાઇઝરને લાફા મારી ધમકાવતા હતા



સુરતઃ પોશ વિસ્તાર ગણાતા પાર્લે પોઈન્ટ પાસે એક સાઈડ સુપરવાઈઝરને હનીટ્રેપમાં ફસાવી તેની પાસે લાખો રૂપિયાની ખંડણી માંગવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. નકલી પોલીસ બનીને યુવકને ધમકાવનાર ટોળકીના પાંચ સભ્યોની ઉમરા પોલીસે ધરપકડ કરી છે, જ્યારે આ ગુનાનો માસ્ટરમાઈન્ડ હજુ ફરાર હોવાનું જાણવા મળ્યું છે.પોલીસે પકડાયેલા તમામને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે એક દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

મૂળ જામનગરના અને હાલ કતારગામ વેડ રોડની હરેકૃષ્ણ સોસાયટીમાં રહેતા આશિષભાઈ અરવિંદભાઈ ગાંગાણી (ઉ.વ. 36), જેઓ પાર્લે પોઈન્ટ વિસ્તારમાં કન્સ્ટ્રક્શન સાઈટ સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે, તેઓ ગત તારીખ 25 માર્ચના રોજ 'સુલેખા' વેસબાઇટ મારફત તેમનો સંપર્ક રમેશ પાલ સાથે થયો હતો. તેણે તેમને પાર્લે પોઈન્ટના સૂર્યમંજરી એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર 203માં બોલાવ્યા હતા. તેમને આપેલા લોકેશન પર તેઓ પહોંચ્યા ત્યારે રાજવી નામની મહિલા તેમને ફ્લેટ પર લઈ ગઈ હતી. 1000નું પેમેન્ટ કર્યા બાદ પ્રિન્સી નામની યુવતી સાથે તેઓ રૂમમાં ગયા હતાં ત્યારે રૂમમાં ત્રણ અજાણ્યા પોતાની ઓળખ PSI, રાઈટર અને કોન્સ્ટેબલ તરીકે આપી રૂમમાં ઘસી આવ્યા હતા. અને લાફા મારી દીધા હતા. જેમાંથી એક શખ્સે પોતે PSI હોવાનું જણાવી વીડિયો ઉતાર્યો હતો અને ધમકી આપી હતી કે, 'તમે અહીં દેહવિક્રયના ધંધામાં પકડાયા છો, જો જેલમાં ન જવું હોય અને બળાત્કારનો કેસ ન કરવો હોય તો 5 લાખ રૂપિયા આપવા પડશે.! આ તોડબાજી ચાલી રહી હતી ત્યારે જ અસલી પોલીસ ત્યાં પહોંચી ગઇ હતી અને તમામને રંગે હાથે પકડી કોર્ટમાં રજૂ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા હતાં.

પ્રાંજલી અગાઉ હની ટ્રેપના ગુનામાં ઉમરા પોલીસના હાથે લગી હતી.આ ટોળકીના સૂત્રધાર ગણાતા રમેશની શોધખોળ શરૂ કરી છે.

### NIA નો અસલ જેવો ID કાર્ડ પણ મળ્યો




આ ટોળકીની મોડસ ઓપરેન્ડી ખૂબ જ શાતિર હતી. તેઓ સોશિયલ મીડિયા અને મોબાઈલ દ્વારા સંપર્ક કરી વ્યક્તિઓને લલચાવતા હતા. ત્યારબાદ ભોગ બનનારને એકાંત સ્થળે બોલાવી, મહિલા આરોપીઓ સાથે આપત્તિજનક સ્થિતિમાં મૂકી બ્લેકમેઈલ કરી મોટા પ્રમાણમાં નાણાં પડાવતા હતા. એક આરોપી પાસેથી NIA નો અસલ જેવો આઇડી કાર્ડ પણ મળી આવતા પોલીસ ચોંકી ઊઠી હતી.

### પકડાયેલા આરોપીઓ

(૧) આકાશ પરસોત્તમભાઇ વાઘેલા (ઉ.વ.૩૩ ધંધો-સીલાઇકામ રહે, ડાયાપાર્ક સોસાયટી, માતાવાડી, વરાછા(નકલી PSI))
(૨) પિયુષ હસમુખભાઇ ગોસ્વામી (ઉ.વ.૩૧ ધંધો-બેકાર રહે, રોયલ પાર્ક સોસાયટી, યોગીચોક, પૂણાગામ, (નકલી રાઈટર))
(૩) ખેતારામ હડમતારામ પરમાર (ઉ.વ.૨૬ ધંધો-કમિશન એજન્ટ રહે, સ્તુતિ આઇકોન, કેનાલ રોડ, અડાજણ(નકલી કોન્સ્ટેબલ))
(૪) રાજવી હિરેનભાઇ દેવગાણીયા (ઉ.વ.૨૭ રહે, સર્જન પેલેસ, ભરીમાતા રોડ, ચોક બજાર)
(૫) પ્રાંજલી ઉર્ફે પ્રિન્સી આદિત્યપ્રતાપસિંગ રાજપૂત (ઉ.વ.૧૯ રહે, બાવનગાળા, સારોલી )

# જહાંગીરાબાદમાં ઘરકંકાસમાં યુવકે ફાંસો ખાઈ આપઘાત કર્યો

સુરતઃ જહાંગીરાબાદમાં ઘરકંકસામાં એક યુવકે આપઘાત કરી લીધો હતો. જહાંગીરાબાદ વિસ્તારમાં આવેલ અંબિકાનગર સોસાયટીમાં 38 વર્ષીય જીગર ધનસુખભાઈ ખલાસી બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો અને કલર કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. શનિવારે ઘરકંકાસથી કંટાળી જીગરે ઘરના પહેલા માળે લોખંડના એંગલ સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

# શહેરમાં અકસ્માતના ત્રણ બનાવમાં ત્રણનાં મોત

સુરતઃ શહેરમાં અલગ-અલગ વિસ્તારોમાં રોડ અકસ્માતમાં ત્રણના મોત થયા છે. ડીંડોલીમાં રાજદીપ સોસાયટીમાં રહેતા 45 વર્ષીય રાજેન્દ્રપ્રસાદ ધનકુરામ ગૌતમ મોપેડ પર તેમના 18 વર્ષીય પુત્ર રિતેશ સાથે બેલ્ટ અને પર્સનું વેચાણ કરવા માટે કામરેજ જવા નીકળ્યા હતા. દરમિયાન સીમાડાનાકા ચોકડી પાસે ટ્રક ચાલકે ટક્કર મારતા રાજેન્દ્રપ્રસાદનું મોત નિપજ્યું હતું.

બીજા બનાવમાં, વરાછા રોડ કુબેરનગરમાં રહેતો 30 વર્ષીય કૈલાશ તેકાજીભાઇ પ્રજાપતિ શનિવારે રાતે મહિધપુરા ખાતે આંગણીયા પેઢીમાં નોકરી કરીને મોપેડ પર ઘરે જવા નીકળ્યો હતો. તે વખતે પુણા-બોમ્બે માર્કેટ બ્રિજ ઉપર ટેમ્પા ચાલકે કૈલાશની મોપેડને અડફેટે લેતા તેમનું મોત નિપજ્યું હતું. જ્યારે ઉધના પટેલ કોલોનીના ગેટ પાસે રહેતા 19 વર્ષીય સિમરનજીતસિંઘ સવિંદરસિંઘનું વરાછા રોડ જુની બોમ્બે માર્કેટ સર્કલ પાસે ડમ્પર ટક્કર મોત નીપજ્યું હતું.

# ડુમસ સી ફેસ: પાણી, પાર્કિંગ, સફાઈની સમસ્યા

**સતત** ત્રીજા વીકએન્ડ પર પર લોકોની ભીડ ઉમટી, ટ્રાફિકમાં મહદઅંશે રાહત મળી

સુરતઃ ડુમસ ખાતે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા ડુમસ સી ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું લોકાર્પણ થતાંની સાથે જ સુરતીઓને નવું મનપસંદ સ્થળ મળી ગયું છે. 'વર્લ્ડ ક્લાસ' લુક ધરાવતા આ પ્રોજેક્ટે નવો આકર્ષણનાં કેન્દ્ર સમાન બની ગયો છે અને ખાસ કરીને વીકએન્ડ દરમિયાન અહીં લોકોનો જમાવડો ઉમટતો જોવા મળી રહ્યો છે. રવિવારની રજાના દિવસે તો આખો સી ફેસ ઓવરક્રાઉડ જોવા મળ્યો હતો. જો કે સતત ત્રીજા વીકએન્ડમાં મનપા અને પોલીસનું તંત્ર અહીં વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહેતા લોકો હાલાકીમાં મુકાયા હતા. જો કે છેલ્લા બે વીકએન્ડમાં જે કલાકોનો ટ્રાફિક જામ દેખાતો હતો, તે ટ્રાફિક વ્યવસ્થા ગોઠવાઈ જતાં આ વખતે લોકોને ટ્રાફિક જામમાંથી મુકિત મળી હતી. એક તરફ પ્રોજેક્ટની ડિઝાઈન અને લુકની સરાહના થઈ રહી છે, ત્યાં બીજી તરફ હજારોની સંખ્યામાં આવતા મુલાકાતીઓ અનેક હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

### પીવાના પાણીની મુશ્કેલી, પાર્કિંગની જગ્યા ખૂટી પડતાં અરાજકતા: મેહુલભાઇ



પાર્લે પોઇન્ટથી આવેલા સહેલાણી મહુલભાઇએ જણાવ્યું હતું કે, સૌથી મોટી મુશ્કેલી તરીકે લોકો પીવાના પાણીની અછત અનુભવી રહ્યા છે. હજારોની સંખ્યામાં આવતા લોકો માટે પીવાનું પાણી ઉપલબ્ધ ન હોવાથી તેમને વોટર બોટલ ખરીદવી પડે છે, જે ઘણા મુલાકાતીઓને ભારે પડે છે. વીકએન્ડ દરમિયાન પાર્કિંગ માથાનાં દુખાવા સમાન બની જાય છે. પાર્કિંગ જગ્યા સીમિત હોવાને કારણે વાહનો રસ્તા પર જ ઊભા રાખવા પડે છે, જેને કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. બીજી તરફ પુરતા યુરિનિયલ બ્લોકનો અભાવની પણ લોકોની મુખ્ય સમસ્યા બની હતી. ખાસ કરીને મહિલાઓ માટે યોગ્ય સુવિધાઓ ન હોવાને કારણે મુશ્કેલી પડી રહી છે.

### સમયમાં વધારો જરૂરી, પોલીસ-સિક્યોરિટીની વ્યવસ્થા અધૂરી: સચિન મિશ્રા



અડાજણથી આવેલા સચિન મિશ્રાએ જણાવ્યું હતું કે આટલા મોટા પ્રોજેક્ટમાં સિક્યોરિટી સ્ટાફની ઊણપ દેખાઈ આવી હતી. મોડી સાંજે સિક્યોરિટી સ્ટાફનો અભાવ જોવા મળતો હોવાથી પરીવાર સાથે આવેલા લોકો મુશ્કેલી અનુભવે છે. ઉપરાંત અહીં સાંજે સાત વાગ્યે બંધ કરી દેવામાં આવે છે તે યોગ્ય નથી. સમયમાં બે ત્રણ કલાકનો વધારો કરવો જોઇએ.

### ડુમસ સી-ફેસ પર શ્રમદાન, કમિશનરે કચરો ઉઠાવ્યો



સુરત મહાનગરપાલિકા દ્વારા રવિવારે ડુમસ સી-ફેસ ખાતે શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વીકેન્ડમાં અહીં મોટી સંખ્યામાં લોકો આવતા હોવાથી પર્યટકો દ્વારા પ્લાસ્ટિકની બોટલો, કચરો અને પાન-મસાલાની પિચકારીઓ મારીને ગંદકી કરવામાં આવી રહી છે. આ સમસ્યાના કાયમી ઉકેલ અને લોકોમાં જાગૃતિ લાવવા માટે મનપા કમિશનર એમ. નાગરાજન પોતે મેદાને આવ્યા હતા. કમિશનરે ખુદ પોતાના હાથે રસ્તા અને બીચ પર પડેલો કચરો ઉઠાવીને તમામ શહેરીજનોને સ્વચ્છતા માટેનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં પૂર્વ મેયર દક્ષેશ માવાણી, પૂર્વ મેયર હેમાલીબેન બોઘાવાલા, પૂર્વ દંડક ધર્મેશ વાણીયાવાલા સહિત પૂર્વ કોર્પોરેટરો અને ડેપ્યુટી કમિશનરો મનીષ ડોક્ટર, ધર્મેશ મિસ્ત્રી તેમજ આરોગ્ય અધિકારી પ્રદીપ ઉમરીગર પણ જોડાયા હતા. શ્રમદાન કાર્યક્રમ દરમિયાન આશરે 4000 થી વધુ જાગૃત શહેરીજનોએ ભાગ લીધો હતો અને થોડા જ કલાકોમાં ડુમસ સી-ફેસ પરથી 212 કિલો જેટલો પ્લાસ્ટિકનો કચરો, પાણીની ખાલી બોટલો, ખાદ્ય સામગ્રીના પેકેટ્સ અને અન્ય ગંદકી એકત્ર કરીને તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવ્યો હતો.


# ઓળખ બદલી વેપારીને રૂ.10 લાખનો ચૂનો લગાડનાર ઠગ ઝડપાયો

સુરતઃ પુણા વિસ્તારમાં એક ભેજાબાજ શખ્સે પોતાની અસલી ઓળખ છુપાવી, ખોટા નામે દલાલ તરીકે ઓળખ આપી વેપારી પાસેથી લાખો રૂપિયાનો ગ્રે કાપડનો માલ મંગાવી પેમેન્ટ ન ચૂકવી વિશ્વાસઘાત કર્યો હતો. પુણા પોલીસે આ મામલે ઠગબાજ દલાલની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતો મુજબ, યોગીચોક સ્થિત શિવધારા હાઈટ્સમાં રહેતા અને કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા યોગેશકુમાર ગુણવંતભાઈ હિરાણી (ઉ.વ.૩૨) ને નાનપુરાની ધોબી શેરીમાં રહેતા સાગર રાજેશભાઈ ખત્રી નામના શખ્સે પોતાની ઓળખ 'રોનક જૈન' નામના દલાલ તરીકે આપી ૧૦,૨૩,૩૭૧ ની કિંમતનો ગ્રે કાપડનો જથ્થો મંગાવવામાં આવ્યો હતો. જે બાદ પેમેન્ટ ચૂકવવામાં ઠાગાઠૈયા શરૂ કર્યા હતા. જે અંગે પુણા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી સાગર રાજેશભાઈ ખત્રી (રહે. અમિત એપાર્ટમેન્ટ, નાનપુરા) ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### હીરા ઉદ્યોગપતિ મહેશભાઈ સોનાણીનું ઉદાર દાન: સુરતમાં કેન્સર સારવારને બળ મળશે




સુરતઃ સુરત નવી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં નવનિર્માણ પામતા લાયન્સ કેન્સર ડિટેક્શન સેન્ટર ટ્રસ્ટને શહેરના જાણીતા હીરા ઉદ્યોગપતિ મહેશભાઈ સોનાણી દ્વારા રૂ.50,11,000નું દાન આપવામાં આવ્યું છે. આ દાન ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. કેન્સર જેવી ગંભીર બીમારીના સમયસર નિદાન અને યોગ્ય સારવાર માટે આ સેન્ટર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ટ્રસ્ટના આગેવાનોના જણાવ્યા મુજબ આર્થિક રીતે નબળા વર્ગના દર્દીઓને આધુનિક સારવાર અને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે આવા દાનનું વિશેષ મહત્ત્વ છે. લાયન્સ કેન્સર ડિટેક્શન સેન્ટરનું નિર્માણ પૂર્ણ થયા બાદ સુરત સહિત આસપાસના વિસ્તારોના દર્દીઓને વધુ સારી આરોગ્ય સેવાઓ મળશે, જેના કારણે સમયસર નિદાન અને સારવાર સરળ બનશે.